પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૦ | ૧ એપ્રિલ, ૨૦૨૨, શુક્રવાર; ફાગણ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# નવા નાણાંકીય વર્ષમાં અનેક નિયમોમાં ફેરફાર

## પીએફ ખાતાથી લઈ GSTના પણ નિયમો આજથી બદલાશે

નવી દિલ્હી, તા.૩૧

સામાન્ય રીતે દર મહિનાની પહેલી તારીખે કોઈને કોઈ નાના મોટા ફેરફારો જોવા મળે જ છે. માર્ચ મહિનો પૂરો થવામાં જ છે અને એક એપ્રિલથી નવું નાણાંકીય વર્ષ શરુ થવા જઈ રહ્યું છે. આવામાં મહિનાની શરૂઆત મોટા ફેરફારો સાથે થશે. એમાં જ્યાં એક તરફ પીએફ ખાતાથી લઈને જીએસટી સુધીના નિયમો બદલાઈ જશે. તો બીજી બાજુ ક્રિપ્ટોમાં રોકાણ કરનાર પર ટેક્સ લગાવાશે. એટલું જ નહી, એક એપ્રિલથી મોંઘવારીનાં મોરચા પર પણ લોકોને ઝટકો લાગવાનો છે. તો આવા નાના મોટા બદલાવો પર નજર ફેરવીએ, જે તમને સીધા પ્રભાવિત કરશે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ (સીબીડીટી) એ ૧ એપ્રિલથી આવકવેરા (૨૫મો સુધારો) નિયમો, ૨૦૨૧ લાગુ કરવાનો નિર્ણય લીધો છે. આનો અર્થ એ છે કે જો તમે તમારા ઈપીએફખાતામાં માત્ર ૨.૫ લાખ રૂપિયા જ નાખો છો, તો તે ટેક્સ ફ્રી રહેશે. જો તમે આનાથી વધુ પૈસા મુકો છો, તો તમારે કમાયેલા વ્યાજ પર ટેક્સ ચૂકવવો પડશે.

**ઈપીએફ ખાતામાં ૨.૫ લાખથી વધુ રાખવામાં આવશે તો ખાતાધારકે વ્યાજ પર ટેક્સ ચૂકવવો પડશે**

૧ એપ્રિલથી પોસ્ટ ઓફિસની કેટલીક સ્કીમના નિયમોમાં ફેરફાર કરવામાં આવી રહ્યા છે. ૧ એપ્રિલથી લાગુ થતા નિયમો હેઠળ હવે ગ્રાહકોએ ટાઈમ ડિપોઝીટ એકાઉન્ટ, સિનિયર સિટીઝન સેવિંગ્સ સ્કીમ અને મંથલી ઈંકમ સ્કીમમાં રોકાણ કરવા માટે સેવિંગ એકાઉન્ટ અથવા બેંક એકાઉન્ટ ખોલાવવું પડશે. આ સાથે, નાની બચતમાં જમા રકમ પર અગાઉ જે વ્યાજ મળતું હતું, તે હવે પોસ્ટ ઓફિસના બચત ખાતા અથવા બેંક ખાતામાં જમા કરવામાં આવશે. આ સાથે, પહેલાથી અસ્તિત્વમાં છે, તે બેંક ખાતા અથવા પોસ્ટ ઓફિસ ખાતાને પોસ્ટ ઓફિસના નાના બચત ખાતા સાથે લિંક કરવાનું પણ ફરજિયાત કરવામાં આવ્યું છે.

ક્રિપ્ટોકરન્સીની આવક પર ટેક્સ ૧ એપ્રિલથી લાગુ થશે. નાણાકીય વર્ષની શરૂઆત સાથે, આવક પર ૩૦% ટેક્સ લાગુ થશે, જ્યારે ૧ ટકાનો ટીડીએસ ૧

● અનુસંધાન પાન-૭ પર

## ભારત સહિત મિત્ર રાષ્ટ્રોને સસ્તામાં ક્રૂડ ઓઈલ વેચવા રશિયા તૈયાર

**વૈશ્વિક પ્રતિબંધોથી રશિયા મુશ્કેલીમાં : રશિયન પ્રમુખ પુતિને ભારતને તગડા ડિસ્કાઉન્ટ ભાવે જોઈએ તેટલું ક્રૂડ ઓઈલ આપવાની ઓફર કરી**

મોસ્કો, તા.૩૧

યુક્રેન પર આક્રમણ કરીને રશિયા ભારે આર્થિક ભીંસમાં આવી ગયું છે. અમેરિકા અને યુરોપીયન દેશોએ રશિયા પર આકરા આર્થિક પ્રતિબંધો ઝીંક્યા પછી રશિયાની આર્થિક સ્થિતિ એટલી ખરાબ છે કે તે મિત્ર દેશોને સસ્તામાં ક્રૂડ ઓઈલ વેચવા તૈયાર છે. તાજેતરમાં જ રશિયન પ્રમુખ વ્લાદિમિર પુતિને ભારતને તગડા ડિસ્કાઉન્ટ ભાવે જોઈએ તેટલું ક્રૂડ ઓઈલ આપવાની ઓફર કરી છે. બીજા દેશો રશિયન ઓઈલ ખરીદતા ખચકાઈ રહ્યા છે તેથી રશિયાએ ભારતને બેરલ દીઠ ૩૫ ડોલરનું ભારે ડિસ્કાઉન્ટ ઓફર કર્યું છે.

સમગ્ર એશિયામાં ચીન પછી ભારત સૌથી વધુ ક્રૂડ ઓઈલની આયાત કરે છે. હાલમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ઓઈલના ભાવ વધ્યા છે ત્યારે ભારત ઈન્ટરનેશનલ પ્રતિબંધોની પરવા કર્યા વગર નીચા ભાવે રશિયન ઓઈલ મેળવી રહ્યું છે. અત્યારે ભારત અને ચીન એ રશિયન ઓઈલના સૌથી મોટા ખરીદદાર છે. કેટલાક અહેવાલો પ્રમાણે રશિયાએ યુદ્ધ પહેલાના ભાવ સામે પણ ઉંચું ડિસ્કાઉન્ટ ઓફર કર્યું હતું. તેથી અત્યારના ભાવને ધ્યાનમાં રાખવામાં આવે તો ભારતને ઘણા ઓછા ભાવે ઓઈલની ઓફર કરવામાં આવી છે. હાલમાં ભારત અને રશિયા વચ્ચે વાટાઘાટ ચાલુ છે. રશિયા ઈચ્છે છે કે ભારત તેની પાસેથી ઓછામાં ઓછા ૧.૫ કરોડ બેરલ ઓઈલની ખરીદી કરે. આર્થિક પ્રતિબંધોને કારણે રશિયાને અત્યારે ડોલરમાં

● અનુસંધાન પાન-૭ પર

## પેટ્રોલ-ડિઝલના ભાવમાં ફરી ૮૦ પૈસાનો વધારો

**૯ દિવસમાં ૮મી વખત વધ્યા પેટ્રોલ-ડિઝલના ભાવ : કાચા તેલની વાત કરવામાં આવે તો વૈશ્વિક માનાંક બ્રેંટ ક્રૂડ વાયદો ૧.૮૮ ટકાની તેજી સાથે ૧૧૨.૩૦ ડોલર પ્રતિ બેરલ થઈ ગયું : હજુ ભાવ વધી શકે**

નવી દિલ્હી, તા.૩૧

પેટ્રોલ અને ડીઘલના ભાવમાં વધારો થવાનો સિલસિલો હજુ પણ યથાવત છે. એક વાર ફરી બંનેના ભાવમાં વધારો ઝીંકાયો છે. સુત્રોના જણાવ્યા મુજબ, ૩૧ માર્ચના રોજ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૮૦-૮૦ પૈસા પ્રતિ લીટરનો ભાવ વધારો ઝીંકવામાં આવ્યો છે. આ ભાવ વધારો ૩૧ માર્ચની સવારે ૬ વાગે લાગૂ થઈ ગયો છે. આ ભાવ વધારા બાદ દિલ્હીમાં એક લીટર પેટ્રોલનો ભાવ રુપિયા ૧૦૧.૮૧ પ્રતી લિટર થઈ જશે. તો ડીઝલનો ભાવ રુપિયા ૯૩.૦૭ પ્રતિ લીટર થઈ જશે. ૩૦ માર્ચના રોજ પણ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૮૦-૮૦ પૈસા પ્રતિ લીટરનો ભાવ વધારો કરવામાં આવ્યો હતો. આ રીતે છેલ્લાં ૯ દિવસોમાં ૮મી વખત પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થયો છે. દિલ્હીમાં હાલ પેટ્રોલની કિંમત ૧૦૧.૦૧ રુપિયા અને ડીઝલનો ભાવ રુપિયા ૯૨.૨૭ પ્રતિ લીટર છે. ગઈ ૪ નવેમ્બર, ૨૦૨૧થી લઈ આ વર્ષે ૨૧ માર્ચ સુધીમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર



રહ્યાં હતા. એટલે કે ૧૩૭ દિવસો દરમિયાન પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ઉતાર ચઢાવ થયો નહોતો. એ પછી ૨૨ માર્ચ, ૨૦૨૨થી પેટ્રોલિયમ ઈંધણમાં ભાવ વધવાનો સિલસિલો શરૂ થયો હતો.

ત્યારથી માંડીને અત્યાર સુધીમાં માત્ર એક જ દિવસ છોડીને એટલે કે ૮ દિવસ સુધી ભાવ વધારો થયો. આ ભાવ વધારાથી પેટ્રોલ રુપિયા ૫.૬૦ પ્રતિ લીટર મોંઘુ થયુ છે. જ્યારે ડીઝલ ૫.૬૦ રુપિયા મોંઘુ થયું છે.

**અવિશ્વાસ પ્રસ્તાવ પરત લેવા પર**

## સંસદ ભંગની વિપક્ષને ઈમરાન ખાનની ઓફર

**પાકિસ્તાનમાં સત્તાના ખેલમાં ઈમરાન ખાનની નવી ચાલ : પાકિસ્તાનના વડાપ્રધાનની એક મહત્વપૂર્ણ વ્યક્તિએ નેશનલ એસેમ્બલીમાં વિપક્ષના નેતા શાહબાઝ શરીફને પીએમ ઇમરાન ખાનનો સંદેશ આપ્યો**

ઈસ્લામાબાદ, તા.૩૧

પાકિસ્તાનમાં ચાલી રહેલા રાજકીય સંકટ વચ્ચે મોટા સમાચાર સામે આવ્યા છે. વિપક્ષની નંબર ગેમ મજબૂત થતા પ્રધાનમંત્રી ઈમરાન ખાને તેમની વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ પરત લેવા પર સંસદ ભંગ કરવાની રજૂઆત વિપક્ષ સામે કરી છે. જિયો ન્યૂઝે ગુરૂવારે સૂત્રોના હવાલાથી આ સંબંધમાં જાણકારી આપતા કહ્યુ કે, એક મહત્વપૂર્ણ વ્યક્તિએ નેશનલ એસેમ્બલીમાં વિપક્ષના નેતા શાહબાઝ શરીફને પીએમ ઈમરાન ખાનનો સંદેશ આપ્યો છે.

અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા માટે મહત્વપૂર્ણ નેશનલ એસેમ્બલી સત્ર પહેલાં વિપક્ષી નેતાઓની બેઠક દરમિયાન આ ખુલાસો થયો છે. તે કહેવામાં આવ્યું હતું કે એક મહત્વપૂર્ણ વ્યક્તિએ મામલામાં સુરક્ષિત માર્ગ માટે કહ્યું છે. સૂત્રોએ આગળ કહ્યું કે પીએમ ઈમરાન ખાને કહ્યું છે કે વિપક્ષ તેમના સૂચનથી સહમત નથી તો તે કોઈપણ સ્થિતિનો સામનો કરવા માટે તૈયાર છે.

## દેશના ૧૦૦ શક્તિશાળી પ્રતિભાની યાદીમાં પ્રધાનમંત્રી મોદી ટોચ પર

**પ્રધાનમંત્રીની લોકપ્રિયતામાં સતત વધારો : કોરોના રસી મેનેજમેન્ટ, વિધાનસભા ચૂંટણીમાં ભાજપની મજબૂત થતી સ્થિતિથી નરેન્દ્ર મોદીની છબી મજબૂત બની**

નવી દિલ્હી, તા.૩૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા સતત વધી રહી છે ઈન્ડિયન એક્સપ્રેસ તરફથી બહાર પડેલી દેશના ૧૦૦ સૌથી શક્તિશાળી લોકોની યાદીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ટોપ



તેઓ દેશના ૧૦૦ સૌથી શક્તિશાળી લોકોની યાદીમાં પ્રથમ નંબરે બિરાજમાન છે. આ યાદીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ઉપરાંત યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, મોહન ભાગવત, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા અને સપા પ્રમુખ અખિલેશ યાદવ પણ સામેલ છે.

પર છે. કોરોના મહામારીના કારણે પેદા થયેલા સંકટ અને તેને લઈને રસી મેનેજમેન્ટ, વિધાનસભા ચૂંટણીમાં ભાજપની મજબૂત થતી સ્થિતિથી પીએમ મોદીની છબી મજબૂત બની છે. આ ઉપરાંત હાલમાં જ યુદ્ધગ્રસ્ત યુક્રેનથી ૨૨૦૦૦થી વધુ ભારતીયોને

● અનુસંધાન પાન-૭ પર

## શ્રીલંકામાં તમામ આવશ્યક ચીજવસ્તુઓની ભારે અછત

**શ્રીલંકામાં આઝાદી પછીની સૌથી ખરાબ આર્થિક કટોકટી**

કોલંબો, તા.૩૧

આઝાદી પછીની સૌથી ખરાબ આર્થિક કટોકટીની પરિસ્થિતિમાં શ્રીલંકા જીવી રહ્યું છે. શ્રીલંકામાં અત્યાર સુધીનો સૌથી મોટો પાવર કાપ શરૂ થઈ ગયો છે. શ્રીલંકામાં બુધવારથી દરરોજ ૧૦ કલાકનો પાવર કટ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દેશમાં પેટ્રોલિયમ ઈંધણની તીવ્ર અછત જોવા મળી રહી છે, જેના કારણે વીજળીનું ઉત્પાદન ઓછું થઈ ગયું છે.

શ્રીલંકામાં ચોખા, ખાંડ, દૂધ જેવી તમામ આવશ્યક ચીજવસ્તુઓની અછત છે. જે સામાન દુકાનો પર ઉપલબ્ધ છે, પણ તેનો ભાવ જોઈને લોકો તેમને ખરીદી શકતા નથી. તેથી શ્રીલંકામાંથી લોકો પોતાનો દેશ છોડીને પાડોશી દેશમાં જઈ રહ્યા છે. આટલું જ નહીં શ્રીલંકામાં ચોખા,દાળ અને દુધ લેવા માટે લડવુ પડી રહ્યું છે. પેરાસિટેમોલ ૧૦ થી ૧૨ ગોળીઓ માટે ૪૨૦ થી ૪૫૦ આપવા પડી રહ્યાં છે અને દવાઓ મળી પણ નથી રહી.

દેશમાં તમામ જરૂરી ખોરાક અને પીણા માલસામાનની

**જે સામાન દુકાનો પર ઉપલબ્ધ છે, પણ તેનો ભાવ જોઈને લોકો ખરીદી શકતા નથી, લોકો સ્થળાંતર માટે મજબૂર**

ભારે અછત છે, જેના કારણે લોકોએ રાજપક્ષે સરકાર પર પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો હતો. આજ પરિસ્થિતિ દવાની દુકાન અને હોસ્પિટલની પણ છે, દેશમાં દવાઓની અછતનાં કારણે સર્જરી પણ રોકવામાં આવી રહી છે, તે જેના કારણે અંદાજો લગાવી શકાય છે કે ત્યાંના દર્દીઓ કેવી પરિસ્થિતિમાં હાલ જીવી રહ્યાં છે.

## હવે જામીન મળ્યા બાદ કેદીઓની તરત જ મુક્તિ

નવી દિલ્હી, તા.૩૧

હવે જામીન મળ્યા બાદ કેદીઓની મુક્તિ બાદ કોર્ટના આદેશની રાહ નહીં જોવી પડે. જેલમાં હાર્ડ કોપી નહીં પરંતુ વીજળીની ઝડપે કોર્ટના આદેશોની ઈ-કોપી મળશે. મુખ્ય ન્યાયાધીશ એનવી રમનાએ ફાસ્ટ અને સિક્યોર ટ્રાંશમિશન ઓફ ઈલેક્ટ્રોનિક રેકોર્ડસ (ફાસ્ટર) યોજના લોન્ચ કરી છે.

ફાસ્ટર સિસ્ટમ દ્વારા કોર્ટના નિર્ણયો ઈલેક્ટ્રોનિક રૂપે ઝડપથી મોકલી શકાશે અને તરત જ મુક્તિની કાર્યવાહી કરવામાં આવશે. આ સિસ્ટમ આવ્યા બાદ કેદીઓને જામીનના દસ્તાવેજોની હાર્ડકોપીને જેલના તંત્ર સુધી પહોંચવાની રાહ નહીં જોવી પડે.

ઉ.તા. 18 એપ્રિલ
અષ્ટવિનાયક યાત્રા
પાંચ જ્યોર્તિલીંગ
લોઅર સ્લીપર 16900/ પ્રતિ વ્યક્તિ | અપર સ્લીપર 15500/ પ્રતિ વ્યક્તિ
7 રાત્રી/8 દિવસ - 3 સ્ટાર હોટલ
₹27400/ પ્રતિ વ્યક્તિ 9 રાત્રી/10 દિવસ દાર્જીલીંગ ગંગટોક
ચારધામ યાત્રા ₹27400/ પ્રતિ વ્યક્તિ (11 રાત્રી/12 દિવસ)
જૂજ સીટ બાકી
અનિલ જી. પટેલ (કોલવડાવાળા) ઘાટલોડીયા 98254 48880 94263 58460

## દેશના અનેક ભાગોમાં હિટવેવ

**દિલ્હીમાં ૧૯૫૦ બાદ માર્ચમાં પહેલી વખત ભારે ગરમી પડી : હવામાન વિભાગે આગામી ૫ દિવસ માટે મધ્ય ભારત અને મહારાષ્ટ્રમાં હીટ વેવનું એલર્ટ જાહેર કર્યું**

નવી દિલ્હી, તા.૩૧

રાષ્ટ્રીય રાજધાની દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં તાપમાન ખૂબ જ ઝડપથી વધી રહ્યું છે. દિલ્હીમાં છેલ્લા ઘણા દિવસોથી હીટ વેવની સ્થિતિ યથાવત છે અને ભવિષ્યમાં પણ આવી જ સ્થિતિ ચાલુ રહેવાની શક્યતા છે. આ સિવાય ઉત્તર પ્રદેશ, બિહાર,પશ્ચિમ બંગાળ સહિતના મોટાભાગના રાજ્યોમાં તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. હવામાન વિભાગ અનુસાર દિલ્હીનું આજે લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી સેલ્સિયસ છે જ્યારે મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ રહી શકે છે. હીટ વેવની શક્યતાઓ છે તે જ સમયે ૧ એપ્રિલે રાજધાનીમાં હવામાનમાં થોડો ફેરફાર થશે અને તેજ પવન ફૂંકાશે.

દેશના મોટાભાગના



વિસ્તારોમાં લોકો ગરમીના પ્રકોપનો સામનો કરી રહ્યા છે. દિલ્હી એનસીઆરમાં ગરમીનો પારો વધી રહ્યો છે.

હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડો. આર.કે. જૈનામણીએ જણાવ્યું હતું કે, ૧૯૫૦ પછી આ બીજી વખત છે જ્યારે દિલ્હીમાં માર્ચમાં આટલી ગરમી પડી રહી છે. ભારતનો ૭૦-૮૦ ટકા હિસ્સો વધેલા તાપમાનના પ્રભાવ હેઠળ છે.

**ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક લી.,**
KHETI BANK
૪૮૯, આશ્રમ રોડ, નહેરુબ્રીજ કોર્નર, નવરંગપુરા, અમદાવાદ-૯

**"સહકાર થી સમૃધ્ધિ"**

રાજ્યની સૌથી વધુ ખેડૂત સભાસદ ધરાવતી ખેતી બેંક દ્વારા ૭૧ વર્ષમાં પ્રથમ વાર ૩૧મી માર્ચે જાહેર કરેલ રૂા. ૫૧ કરોડનો અનઓડીટિડ પ્રોવિઝનલ ગ્રોસ નફો. આઝાદીના ૭૫ વર્ષ નિમિત્તે "અમૃત મહોત્સવ"ની ઉજવણીમાં નેટ પ્રોફીટમાં ઐતિહાસિક વિક્રમજનક વધારો કરી

**ખેડૂત સભાસદોને ૨૦% ડીવીડન્ડ આપવાનો નિર્ધાર**

**બેંકની વર્ષ: ૨૦૨૧-૨૨ પ્રોવિઝનલ નાણાંકીય પરિસ્થિતિ**

(રકમ રૂા. કરોડમાં)

| અ.નં. | વિગત | તા.૩૧-૩-૨૦૨૧ | તા.૩૧-૩-૨૦૨૨ |
|---|---|---|---|
| ૧ | શેરમુડી | ૪૩.૧૯ | ૪૨.૪૩ |
| ૨ | સ્વભંડોળ | ૫૯૦.૧૯ | ૫૮૯.૪૭ |
| ૩ | ફીક્સ ડીપોઝીટ | ૨૪૫.૮૯ | ૨૩૮.૪૨ |
| ૪ | ધિરાણ | ૫૩૬.૪૫ | ૫૫૨.૯૩ |
| ૫ | રોકાણો | ૫૮૧.૯૭ | ૫૩૪.૭૦ |
| ૬ | કુલ આવક | ૮૦.૪૬ | ૯૧.૬૪ |
| ૭ | કુલ ખર્ચ | ૪૦.૪૩ | ૪૦.૮૫ |
| ૮ | ગ્રોસ નફો | ૪૦.03 | ૫૦.૭૯ |
| ૯ | નેટ નફો | ૧૧.૫૦ | ૨૯.00 (અન-ઓડીટિડ) |
| ૧૦ | ડીવીડન્ડ (%) | ૧૨.00% | ૨૦% (સૂચિત) |
| ૧૧ | ઓડીટ વર્ગ | "એ" | - |

ફલજીભાઈ જી. પટેલ, વાઈસ ચેરમેન
કે.બી. ઉપાધ્યાય, I.A.S (Retd.), મેનેજીંગ ડીરેક્ટર
ડોલર કોટેચા, ચેરમેન
તથા બોર્ડ ઓફ ડીરેક્ટર્સ